**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

નં. એકેડેમિક/૨૦૫૫/ ૨૦૨૦

તા.૧૫/૦૬/૨૦૨૦

પરિપત્રઃ ૨૦૧૫

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં પીએચ.ડી. માં અભ્યાસ કરતા તમામ શોધાર્થીઓને જણાવવાનું કે, આગામી મહિનામાં સંભવતઃ Research Advisory Committee (RAC) ની મીટીંગનું આયોજન ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે, જેની તમામ શોધાર્થીઓએ નોંધ લેવી.

**અગત્યની સૂચનાઓ :**

- Reserach Advisory Committee ની મીટીંગ સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે. જેના માટે દરેક શોધાર્થીઓએ પોતાના મોબાઈલમાં ગૂગલ પ્લે સ્ટોરમાંથી વેબેક્ષ મિટીંગ અને કમ્પ્યુટરમાં વેબેક્ષ મિટીંગ ડેસ્કટોપ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરવી ફરજીયાત છે. ત્યારબાદ દરેક ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા ૧૦ મિનીટ પહેલા લીંક અને પાસવર્ડ આપવામાં આવશે. જે લીંક અને પાસવર્ડથી ઉમેદવારે લોગીન કરવાનું રહેશે. જેનો સમયગાળો ૧૦ મિનિટનો રહેશે.
- પીએચ.ડી. ના મધ્યસત્રીય પ્રગતિ અહેવાલનું ફોર્મ (Mid Term Progressive Report) દરેક ભાષામાં યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જે ડાઉનલોડ કરી તેનું પ્રથમ પેજ ભરી અને સહી કરીને ઉમેદવારોએ academic@sggu.ac.in પર દિન-૧૦ માં ભરીને મોકલી આપવાનું રહેશે. તેમજ છ માસ દરમ્યાન કરેલ કામગીરીની વિગતો ઉપરોક્ત દર્શાવેલ ઈ-મેઈલ એડ્રેસ પર દિન-૧૦ માં મોકલી આપવાનું રહેશે. (બંને ફાઈલ એક સાથે MS-Word માં મોકલવી.)

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં પીએચ.ડી. માં અભ્યાસ કરતા તમામ શોધાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
- તમામ માર્ગદર્શક/સુપરવાઈઝર શિક્ષકશ્રીઓ તરફ જાણ સારૂં.